ગાંધીનગર સમાચાર
તા. ૨-૧૧-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### શિવસેના સાનમાં સમજી ગઇ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુગલજોડીએ દેશભરમાં ભાજપનું એકચક્રી શાસન સ્થાપવાની દિશામાં એક વિરાટ પગલું ભરીને હરિયાણા પછી મહારાષ્ટ્રમાં પણ ભાજપની સરકાર રચી દઇને વિરોધીઓ અને સહયોગીઓ સહિત તમામને આશ્ચર્યચકિત કરી દીધા છે. એકલા હાથે મહારાષ્ટ્રામાં સરકાર રચવી મુશ્કેલ હોવા છતાં ભાજપના હાઇ કમાન્ડે ગણતરીપૂર્વક આગળ વધવાનું પસંદ કર્યું ને એના દૃઢ સંકલ્પનું ધોતક છે. શિવસેનાના મિથ્યાભિમાનને ચકનાચૂર કરી દઇ ભાજપે એની સાથે જોડાણ કર્યા વગર નાના પક્ષોનો સહયોગ લઇને ચૂંટણી લડી લીધી અને હજી પૂરાં પરિણામ પણ જાહેર થાય તે પહેલાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પાસેથી બિનશરતી ટેકાની ખાતરી મેળવી લીધી હતી. શિવસેનાના યુવાન કર્ણધાર ઉદ્ધવ ઠાકરે માટે આ એમની હવાઇ કલ્પનાઓને ધ્વસ્ત કરી નાખે તેવી જાહેરાત હતી. કયાં તો ઉદ્ધવ છેલ્લા એકાદ વરસથી પોતે મહારાષ્ટ્રના ભાવિ મુખ્યમંત્રી છે એવા ખ્યાલોમાં હવામાં ઊડતા હતા, બીજી તરફ વાસ્તવિકતા એટલી વિપરીત હતી કે કોઇએ સરકાર બનાવવા માટે એમનો ભાવ જ ન પૂછ્યો. ઉદ્ધવ ઠાકરે ભાજપને શરતી ટેકો આપવા તૈયાર હતા જે ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીને મંજૂર નહોતો. એથી પોતાની પાર્ટીને નાયબ મુખ્યમંત્રીપદ ઉપરાંત ભાજપની નેતાગીરીવાળી સરકારમાં ભાજપ કરતાં અડધાં પ્રધાનપદાં મળે એવું શરતી સમર્થન આપવા તૈયાર થયેલાં ઉદ્ધવ ઠાકરે ઉફરા મનથી દેવેન્દ્ર ફડણવીસની શપથવિધિમાં હાજર તો રહ્યા, પણ ગૂંચવાયેલું કોકડું હજી એમનું એમ જ રહ્યું છે. ભાજપ પોતાની શરતો પર જ શિવસેનાને સરકારમાં સામેલ કરવા તૈયાર છે. કોઇ પણ સંજોગોમાં શિવસેનાની દાદાગીરીને તાબે નહીં થવાનો ભાજપ નેતાગીરીનો નિર્ણય એક રીતે ભારતીય રાજકારણમાં સીમાચિહ્નરૂપ ગણાશે. નરેન્દ્ર મોદી અને અમતિ શાહની ચાણક્યનીતિ ભારતીય રાજકારણમાં પ્રસ્થાપિત થયેલી કેટલીક વસમી વાસ્તવિકતાઓનો છેદ ઉડાડી મૂકે છે. હરિયાણામાં જાટ બિરાદરીનું પ્રભુત્વ ખલાસ કર્યું એમ મહારાષ્ટ્રમાં મરાઠાવાદ સામે મજબૂત નેતૃત્વ ઊભું કરીને આ જુગલજોડીએ નવો ચીલો પાડ્યો છે. દેવેન્દ્ર ફડણવીસ નાગપુરનું અને ઊજળા વર્ણનું પ્રતિનિધિત્વ કરે છે. એકનાથ ખડસે અને પંકજા મુંડે જેવા પછાત વર્ગના નેતાઓ કે મરાઠા લોબીને માપનું મહત્ત્વ આપી મેરિટના ધોરણે ફડણવીસ પર પસંદગી ઉતારી, એટલું જ નહીં; શિવસેનાની કોઇ ગરજ જ નથી, એવી વ્યૂહરચના સાથે ધરાર ભાજપની લઘુમતી સરકાર બનાવી દીધી. પવારે સરકારને ફ્લોર પર બહુમતી સાબિત કરવા માટે આડકતરો ટેકો જાહેર કરી જ દીધો હોઇ ઉદ્ધવ ઠાકરે મૂંઝવણમાં મુકાઇ ગયા છે. ભાજપ સરકારને ટેકો ન આપે તો મુંબઇનું મ્યુનિસિપલ કોર્પોરેશન પણ શિવસેનાના હાથમાંથી સરકી જાય એમ હતું. શિવસેના માટે એવી વિકટ પરિસ્થિતિ સરજાવા પામી કે એણે દબાઇ-ચંપાઇને પણ મોદીના મુખ્યમંત્રીને સમર્થન આપવું જ પડે. શિવસેનાની દબંગાઇની હવા કાઢી નાખીને મોદી અને અમિત શાહની જોડીએ એક કાંકરે અનેક પક્ષી માર્યાં છે. પ્રજામાનસમાંથી શિવસેનાની ધાક સમૂળગી ભૂંસાઇ જાય એ પહેલાં ઉદ્ધવ ઠાકરે રાજ્ય સરકારમાં પોતાના પ્રતિનિધિઓને ગોઠવી દેવા અધીરા બન્યા છે. બાળાસાહેબ ઠાકરેનો આત્મા જયાં હશે ત્યાં શિવસેનાની આવી મજબૂરી પર આંસુ સારતો હશે!






**ડીપીએસ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવાયો**

દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર ખાતે દેશમાં સરદાર પટેલની જન્મ જયંતિ નિમિત્તે રન ફોર યુનિટી અંતર્ગત દોડ યોજવામાં આવી હતી. જેમાં હિલવુડ સ્કુલ ગાંધીનગરના વિદ્યાર્થીઓ જોડાયા હતા. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિને એકતા દિવસ તરીકે જાહેર કર્યો છે ત્યારે દેશના અનેક રાજયોમાં જે અન્વયે રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે ગાંધીનગરની હિલવુડસ સ્કુલ અને આચાર્ય મહાપ્રજ્ઞ સ્કુલના વિદ્યાર્થીઓએ પણ ડીપીએસ દ્વારા આયોજીત 'રન ફોર યુનિટી'માં ભાગ લીધો હતો. ત્યારબાદ શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી જેવી કે પોસ્ટર મેકિંગ, વકતૃત્વ સ્પર્ધા અને ઓન લાઈન કવીઝ સ્પર્ધા. ડીપીએસ ગાંધીનગરના શિક્ષકો દ્વારા સરદાર સાહેબની ભવ્ય રંગોળી પણ બનાવવામાં આવી હતી. (તસવીર : જય ઓઝા)

## આજે ગાંધીનગર ખાતે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૧

દર મહિનાના પ્રથમ રવિવારે યોજાયો પુસ્તક પરબનો કાર્યક્રમ ગાંધીનગર ખાતે રવિવાર તા. ૨-૧૧-૨૦૧૪ના રોજ ઘ-૪ સર્કલ પાસે ઉદ્યોગ ભવન નજીક સવારે ૭.૩૦ થી ૯.૦૦ દરમિયાન યોજાનાર છે. ગુજરાતી માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન્ ફાઉન્ડેશનના સહયોગથી છેલ્લા ૧૦ મહિનાથી ગાંધીનગર ખાતે પુસ્તક પરબ યોજવામાં આવે છે. અંદાજે ૧૦૦ ઉપરાંત પુસ્તક પ્રેમીઓ, વાચકો આ પરબનો લાભ લઈ પુસ્તકોનું આદાન પ્રદાન કરે છે. સમગ્ર ગુજરાતમાં વિવિધ શહેરો-નગરોમાં આ પ્રકારે એક સમયે, એક સાથે પુસ્તક પરબ યોજવામાં આવે છે.

માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધે, સદવાચનનો પ્રચાર-પ્રસાર થાય, સારાં પુસ્તકો પરિવારોમાં-વિદ્યાર્થીઓમાં વંચાય તે હેતુથી આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. પુસ્તક પરબની મુલાકાત લેનાર વ્યકિત ઉપલબ્ધ પુસ્તકોમાંથી કોઈ પણ બે પુસ્તક વિના મૂલ્યે ભેટમાં લઈ જઈ શકે છે. આ ઉપરાંત પુસ્તકો દાનમાં પણ સ્વીકારવામાં આવે છે.

ગાંધીનગર ખાતે યોજાનાર પુસ્તક પરબમાં વિવિધ પ્રેરણાદાયી-સાહિત્યિક પુસ્તકોની સાથે નવનીત સમર્પણ, અખંડ આનંદ, જનકલ્યાણ, શબ્દસૃષ્ટિ, સદવિચાર પરિવાર વગેરે જેવાં સામયિકો પણ મોટી સંખ્યામાં ભાવકો માટે દાનમાં મળે છે, જેનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે. ગાંધીનગરના સાહિત્યસર્જકો સર્વશ્રી વી.એસ. ગઢવી, ડૉ. રશ્મિકાન્ત મહેતા, પ્રકાશ લાલા વગેરે પુસ્તકો અર્પણ કરીને આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. પુસ્તક પરબના આયોજનમાં સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, આશા સરવૈયા, દક્ષા ભાવસાર, કિશોર જિકાદરા, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, ભરત પાઠક વગેરે સહયોગી બની રહે છે.

## સંસ્કૃતિ મહોત્સવ ઉજવણી કોર કમિટીની રચના થઈ

ગાંધીનગર, તા.૦૧

રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા સંસ્કારનગર વડોદરા ખાતે આંતરરાષ્ટ્રીય કળા અને સંસ્કૃતિ મહોત્સવની ઉજવણી દર બે વર્ષે નિયમિત યોજવાનું નક્કી કરાયું છે. જે અંતર્ગત પ્રથમ મહોત્સવ વડોદરા ખાતે આગામી તા. ૨૩ થી ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ દરમિયાન યોજાશે. આ મહોત્સવના કાયમી અમલીકરણ માટે રાજ્યના પ્રવાસન, નાગરીક ઉડ્ડયન મંત્રી સૌરભ પટેલના અધ્યક્ષસ્થાને વડોદરા આંતરરાષ્ટ્રીય કળા અને સંસ્કૃતિ મહોત્સવ ઉજવણી કોર કમિટીની રચના કરવામાં આવી છે.

આ કોર કમિટીમં સભ્ય તરીકે રાજ્યકક્ષાના રમત ગમત, યુવા સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ મંત્રી નાનુ વાનાણી, સંસદ સભ્ય સુશ્રી રંજનબહેન ભટ્ટ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર સચિવ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવ પ્રવાસન, સચિવ, કુટિર અને ગ્રામોદ્યોગ, માહિતી કમિશ્નર, એમડી ઈન્ટેક્ષ-બી પ્રમુખ, વડોદરા ચેમ્બર્સ ઓફ કોમર્સ તેમજ સભ્ય સચિવ તરીકે ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડના એમડી અને પ્રવાસન કમિશ્નર રહેશે. મહોત્સવના કાયમી અમલીકરણ મટે કોર કમિટી હસ્તક મ્યુનિસિપલ કમિશ્નર વડોદરાના અધ્યક્ષસ્થાને અમલીકરણ સમિતિની રચના કરવામં આવી છે.

## રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, ગાંધીનગર વિભાગનો પ્રાથમિક વર્ગ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગાંધીનગર વિભાગનો પ્રાથમિક વર્ગ તા. ૨૮ ઓક્ટોબરથી ૪ નવેમ્બર સુધી ગુરૂકુલ છાત્રાલય, સેક્ટર-૨૨ ખાતે આરંભાયો છે. રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ અને દેશભક્તિના રંગે રંગાયેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગાંધીનગર વિભાગના આ પ્રાથમિક વર્ગમાં તમામ ક્ષેત્રના ૪૦૦ જેટલા શિક્ષાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ પ્રાથમિક વર્ગમાં સવારે ૫ થી રાત્રે ૧૦ સુધી શારીરિક અને બૌદ્ધિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ પ્રાથમિક વર્ગમાં ગાંધીનગરની વિવિધ સામાજીક સંસ્થાઓએ ભોજન સહયોગ આપ્યો છે.

## માણસા ખાતે ચામડીના રોગનો નિદાન કેમ્પ યોજાશે

માણસા સ્થિત શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાના વડલો ખાતે બાસઠમો ચામડીના રોગોના નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવશે. આજરોજ રવિવારેબપોરે ૨ થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. કેમ્પમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓને મોટી સંખ્યામાં લાભ લેવા ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




થાકી ગયો, છોકરાના એડમીશન માટે દોડવાનું, કમાવવા દોડવાનું, પ્રમોશન મેળવવા દોડવાનું, તબીયત સારી રાખવા દોડવાનું અને હવે... દેશ માટે પણ દોડવાનું... !!

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો 'સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓનો અભિવાદન સમારોહ' તા. ૧૬-૧૧-૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ઉત્કંઠેશ્વર મહાદેવ 'શ્રી મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રાંતિ ભવન' ખાતે યોજવામાં આવેલ છે. તો સર્વે જ્ઞાતિબંધુઓએ સહપરીવાર આ સ્નેહમિલનમાં પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ જણાવ્યું છે તેમજ ૨૨મો સમૂહલગ્નોત્સવ તા. ૧-૨-૨૦૧૫ને રવિવારના રોજ અહેમદપુરા કોલ્ડ સ્ટોરેજ ખાતે યોજવામાં આવશે. જેમાં લગ્નોત્સુક યુવક-યુવિતઓના વાલીઓને સત્વરે નામ નોંધણી કરાવવા જણાવવામાં આવ્યું છે.

# લુઝર સે વિનર તક - કહાની ક ક ક ક કિંગખાનની...!!!

પગને ત્રીસેક ડીગ્રીએ ગોઠવીને ગાલોમાં પડતા ખંજન સાથે ચિરપરિચિત સ્મિત સાથે ફેલાવેલા બેય હાથવાળું દ્રશ્ય હજુયે દર બીજી ફિલ્મમાં રીપીટ થયા જ કરે છે ભલે ને કદાચ એ હગની હીટથી મોહિત થનારાની સંખ્યામાં થોડોઘણો ઘટાડો થયો હોય..... ઈઝ ઈટ ?..... છ ને આઠ પેકની લ્હાયમાં કસરત કરી કરીને શરીર ફીટ ભલે દેખાતું હોય પણ એને લીધે પેલા ગોળમટોળ ચહેરાને સ્થાને થોડો લંબાય ગયેલો ફેસ થઈ ગયો એનું શું ?..સો વ્હોટ ??.... ૧૯ વર્ષ પહેલાના સીનીયોરીટાવાળા રાજની એ જોતા જ ગમી જાય એવી સો કોમન યેટ લવેબલ પર્સનાલીટીની જગ્યાએ થોડી સ્ટીરીયોટાઈપ બનતી જતી, રુક્ષ જેવી લાગતી સ્ક્રીન પ્રેઝન્સ દેખાતી હોય... હા તો ?....પણ એક વાત હજુયે એમ ને એમ અકબંધ છે અને એ છે એનો રૂતબો....એનો કરિશ્મો અને એનો ફેન કે ફોલોવર વર્ગ... અને ગાલમાં પડતા વોહ ડીમ્પલ...ખંજન...!!! ..યસ વેલકમ ટુ ધ વર્લ્ડ ઓફ કિંગ ખાન.... !!!! આજે ૪૯ માં વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહેલો આ કિંગ ઓફ રોમાન્સ એકાકી છે? અભિમાની છે ? પ્રસિદ્ધિ ભૂખ્યો છે ? પ્રમાણિક છે? સિમ્પલ છે? સહજ છે? અસલામતીની ભાવનાથી પીડાતો છે ? પાક્કો બીઝનેસમેન છે? બેહદ ગણતરીબાજ છે કે પછી બોલીવુડની દુનિયાનો સાચો બાઝીગર છે? સવાલ બહોત હૈ ઔર જવાબ....યસ જવાબ ભી બહોત હૈ. શાહરુખને વિવાદોમાં રહેવું ગમે છે કે પછી વિવાદોને શાહરૂખમાં રહેવું ગમે છે એ નક્કી કરવું અઘરું છે પણ એક હકીકત છે કે આ એક એવો શખ્સ છે જે સદાય ચર્ચામાં હોય છે પછી ભલેને ચર્ચાના કારણો ફિલ્મી હોય કે પછી નોન-ફિલ્મી.

આજે શાહરૂખ ધ સુપર હીરોની નહી પણ વાત કરવી છે શાહરૂખ ધ બ્રાંડની...એનાલીસીસ કરવું છે શાહરૂખ ધ પરસન નું... તપાસવી છે શાહરુખની સફળતાની ફોર્મ્યુલા. કેપ્ટન અભિમન્યુ રાય થી ચન્દ્રમોહન અક્કા ચાર્લી સુધીની સફરની. એ સફળ છે...કારણ કે એને નિષ્ફળ જવું ગમતું નથી એવું નથી કે એને સાવ સફળ જિંદગી જ જોઈ છે એને પણ ફ્લોપ ફિલ્મો પચાવી છે. શાહરૂખે અત્યાર સુધીમાં અંદાજે ૪૦ જેવી ફિલ્મો કરી હશે એમાંથી અર્ધા જેવી જ સુપર હીટ છે બધી જ નહિ. એને પૈસો ગુમાવવો ગમતો નથી કારણકે એ એની અથાગ મહેનતની નીપજ છે એટલે તો એ હમણાં હમણા થી પોતાની ફિલ્મોનું ભયંકર માર્કેટિંગ કરે છે..એ હીટ ફિલ્મ માટે ફરાહ સાથે સમાધાન પણ કરી શકે છે..એ રોહિત શેટ્ટી ને સ્ટોરી પણ સાંભળ્યા વગર હા કહી શકે છે...એને સફળ જ રહેવું છે...નિષ્ફળતા એને ચીડિયો બનાવી દે છે. એક એવો પણ પીરીયડ હતો જયારે શાહરૂખ ફિલ્મો સિવાય ના સમાચારોમાં બહુ ચમકતો..પણ તોય એ સફળ છે... કિંગખાન છે... કરોડો ચાહકોના દિલ પર રાજ કરે છે... ખુદ શાહરૂખે જ એકવાર કહેલું કે હું કેમ સફળ છું એની મને જ ખબર નથી, મને એ જ સમજાતું નથી કે સફળતા એટલે શું અને સફળ હોવું એની અનુભૂતિ કેવી હોય? છે ને માણસ સરળ. પણ સાવ એવું પણ નથી. સફળતા કઈ શાહરૂખના ગાલોના ખાડામાં એમ ને એમ જ આવીને નથી પડી. શરુઆતની ચાર ફિલ્મોમાં ચમત્કારને બાદ કરતા બાકીની ત્રણ ચાલી પણ ખરી... શાહરૂખના અનોખા અંદાજ અને તરવરાટભર્યા અભિનયથી એનું નામ ઓર મજબુત તો બન્યું પણ શાહરૂખ ધ બ્રાંડ બનવું હજુ ઘણું દુર હતું અને ફરી કિસ્મત ધ કુત્તી ચીઝ એની સાથે એક ગેમ રમવાની હતી.

સપોર્ટીંગ એકટર - સેકન્ડ હીરો - સોલો હીરો - વિલન ( રાધર સે નેગેટીવ રોલ) ફરી હીરો (એય પાછો રોમેન્ટિક વન)...અહાહાહા શાહરૂખ ધ બ્રાંડ બનતા બનતા સુધીમાં તો આ બાજીગરે કેટલાય ખેલ ખેલવા પડ્યા. એક એવો સમય હતો એસઆરકે માટે કે એ ટાઈમે એને મન હીરો કે વિલન જેવા કોઈ ખાના પડ્યા જ નહોતા. એ સમયે બેકારીને દુર કરવા જે હાથ લાગે એ હથિયાર એ સિધ્ધાંત હતો કિંગ ખાનનો એટલે તો દીવાના અરમાન કોહલી એ છોડેલી, બાઝીગર સલમાનખાને અને ડર આમીરે છોડેલી ફિલ્મો હતી જે એણે સ્વીકારી લીધેલી.ડર હોય કે બાઝીગર કે જે બે ફિલ્મે એને સાચું સ્ટારડમ અપાવ્યું એમાં સ્ક્રીપ્ટ કે ડાયલોગ તો ઠીક પણ એક એક્સ્ટ્રા એડેડ ફ્લેવરનો તડકો હતો અને એ હતો શાહરુખનો આત્મવિશ્વાસ - કોઈ પણ ભોગે સફળ થવાની જીજીવિષા, એની નાટકીયતા અને તરવરાટ. બન્ને કીર્દારોમાં એણે પરંપરાગત નેગેટીવ રીલથી હટીને કશુક અલગ જ મેનેરીજમ અપનાવેલું. પણ આ એનું જબરદસ્ત હિંમતભર્યુ પગલું હતું કેમકે એ વખતે આવા રોલ કરનારને વિલનના બીબામાં ઢાળી દેવાનો રીવાજ હતો પણ કુત્તી કિસ્મત કિંગ ખાનના કેસમાં મહેરબાન નીકળ્યું. એક રીતે જોવા જાવ તો શાહરૂખે બોલીવુડમાં એન્ટી હીરોની નવી જમાતની શુભ શરૂઆત કરી કહેવાય. કામ તો કર્યુ વિલનોવાળું પણ ભાઈને ઈનામમાં મળ્યો સોલો હીરોનો ગુલદસ્તો. એમાય ડરમાં એણે આંખોથી ફેલાવેલા આતંકનો બદલો એને



**રજળપાટ**

**અજય ઉપાધ્યાય**

akurjt@gmail.com

આગલા વર્ષે મળવાનો જ હતો. ક..ક...ક...ક...કિરનથી સીન્યોરીટા સુધી એ જ યશ ચોપરા પહોચાડવાના હતા અને આગલા બે દાયકા સુધી ત્રાંસા પગ ગોઠવીને બંને હાથ ફેલાવતો, આંખો મીચ્કારતો, ડીમ્પલ વાળું સ્માઈલ ફેકતો શાહરૂખ એક બ્રાંડ બની જવાનો હતો. નસીબદાર તો ખરો જ ને કે એક જ વર્ષ પહેલા વિલનગીરી કરતા એસઆરકે ને બાર જ મહિનામાં ચાહકોએ લવરબોય તરીકે સ્વીકારી લીધેલો ને એ પણ વાજતે-ગાજતે.

દિલવાલે દુલ્હનિયા..એક જ ફિલ્મે એને રાતોરાત સુપર સ્ટાર બનાવી દીધો...હાર્ટ થ્રોબ..કિંગ ઓફ રોમાન્સ ઔર નાં જાને ક્યાં ક્યાં..શાહરૂખ એકમેવ કલાકાર છે જે ભારત તો ઠીક પણ વિદેશોમાં પણ એટલો જ પોપ્યુલર છે અરે અમુક કન્ટ્રીમાં તો એ ટોમ ક્રુઝથી વધુ ફેમસ છે. શાહરૂખ પોતે જ કહે છે કે મારી અત્યાર સુધીની કારકિર્દીમાં હું ભાગ્યે જ એવો એકાદ ડાઈલોગ બોલ્યો હોઈશ જે ખરેખર ચિરસ્મરણીય બની શકે કેમકે મોટાભાગે તો હું રોમેન્ટિક લાઈન જ બોલ્યો છું. અને વાત પણ સાચી છે અને શાહરુખના ટીકાકારો મજાકમાં કહે પણ છે જ કે શાહરૂખ પાસે ગણીને ચાર કે પાંચ જ એક્સપ્રેશન છે. એટલે જ કદાચ શાહરૂખે ફિલ્મી કારકિર્દીનો મોટા ભાગનો સમય અને મોટા ભાગની ફિલ્મો પોતાને સેફ લાગે એ જ જેનરની કરી છે. અથવા એમ કહો ને કે નિયમિત અંતરે એ પોતાને અનુકુળ પ્રકારની ફિલ્મો જ કરતો રહ્યો છે. દિલવાલે ના રાજ ને કલ હો ના હો કે કુછ કુછ હોતા હૈ જેવી ફિલ્મોમાં રીપીટ કર્યા જ કર્યો. હજુ આજે પણ આટલા સલામત સ્થાને પહોચ્યા પછી પણ શાહરૂખ કશુક નવું કરવાનું જોખમ નથી ઉઠાવતો. ભારદ્વાજો, વિધુ વિનોદો અને ભણશાળીઓ તો એને સાઈન કરવા આજેય તૈયાર છે. જો કે કદાચ એમાં વાંક શાહરૂખનો ઓછો અને ચાહકોનો વધુ છે કેમકે જયારે જયારે શાહરૂખે કૈક અલગ કરવાની કોશિશ કરી ત્યારે ત્યારે એણે ઓછી વધતી ધોબીપછાડ ખાધેલી જ છે. દિલ સે...ગજ ગામિની...અશોકા.... સ્વદેશ.. પહેલી...માયા મેમસાબ....આર્મી..... ઓફ્ફો લીસ્ટ લાંબુ છે અને આ લાંબા લીસ્ટમાં ચક દે ઈન્ડિયા જેવી એકાદ જ ફિલ્મ છે કે જે અપવાદ છે, કે જેમાં ટીપીકલ શાહરૂખ ના હોવા છતાં બોક્સ ઓફીસ અને એના ચાહકોના દિલમાં ગોલ પે ગોલ ફટકારવામાં સફળ થયેલી.

બાદશાહ ઓફ બોલીવુડ - એસઆરકેનું આ મોસ્ટ ફેમસ ઉપનામ છે પણ બીબીસી સાથેની એક મુલાકાતમાં એ પોતે અચ્મ્બિત થઈને બોલેલો કે મને ખબર નથી લોકો મને કેમ આ નામથી બોલાવે છે, મને લાગતું નથી કે હું આને લાયક છું કેમકે હું માનું છું કે મેં આવું કોઈ કામ કે એચીવમેન્ટ નથી મેળવ્યું પણ લોકો બોલાવે છે અને આપણે જાણીએ છીએ કે બધા મને આમ કેમ કહે છે....છે ને આની નમ્રતા. પણ એ નમ્ર છે એની સાથે સાથે ઘણી વાર એના વર્તન અને સો કોલ્ડ વીટ્ટી હ્યુમરથી બીજાના દિલને ઠેસ પણ પહોચાડી બેસે છે, ઘણી વાર એમ લાગે કે એને વિવાદોમાં રહેવું ગમે છે કારણ કે મોટાભાગના સેલીબ્રીટી કોઈ વિવાદને બળ ના મળે એટલે ચુપ રહેવાનું પસંદ કરે છે જયારે આ ભાય એની ચોખવટો કરતા ફરતા હોય છે.આની ખોપડી છટકેલી તો રહે જ છે એમાં નાં નહિ પૂછો સલ્લુમિયાંને... અરે સલ્લુમિયા કશું ના બોલે તો મળો ફરાહ-પતી શિરીષ કુંદરને કે જેને એક પાર્ટીમાં કિંગખાને ફટકારેલો....અથવા યાદ છે ને વાનખેડે સ્ટેડીયમનો પેલો ચોકીદાર... કભી હા કભી ના વખતે તો એક પત્રકારને ધમકી આપવાના આરોપમાં આ ડોન કસ્ટડીની હવા પણ ખાઈ ચુક્યો છે, પોલીસે એને એક ફોન કરવાની છૂટ આપી તો એણે ગૌરી કે વકીલને ફોન કરવાને બદલે એ જ પત્રકારને ફોન કરીને ફરીથી ધમકી આપી દીધેલી... કિસ્સા અનેક છે અને દર વખતે શાહરૂખ નો એક જ જવાબ હોય છે હું જે છું એ છું. વાત પણ સાચી છે...એ સફળ છે તો સફળતાની રાઈ ગણો કે જે ગણો એ પણ એના દિમાગમાં હોવાની તો ખરી જ ને. કદાચ એટલે જ પોતે જ સાચો સુપરસ્ટાર છે એમ સાબિત કરી બતાડવા કૌન બનેગા કરોડપતિથી બચ્ચનના પેગડામાં પગ નાખવાની કોશિશ કરેલી...કદાચ એટલે જ એણે ડોનની રીમેકમાં કામ કરેલું...કદાચ એટલે જ એ એની છેલ્લી બે-ત્રણ ફિલ્મોનું એટલું બધું માર્કેટિંગ અને પ્રમોશન કરે છે કે જેથી એની ફિલ્મ પણ બીજા સ્ટારોની ફિલ્મ કરતા વધુ ઓપનીગ મેળવે...કલેક્શન કરે..બાકી આજે શાહરૂખ એક નામ જ કાફી છે લોકોને સિનેમાઘરોમાં ખેંચી જવા માટે છતાયે લાગે છે કે એ હજુયે પોતાને અસલામત ગણે છે. કદાચ હજુ નમ્રતાની સાથે સાથે શાહરૂખનો આઈ એમ ધ કિંગ વાળો અહમ કે અભિમાન દર નવી ફિલ્મની રીલીઝ વખતે બહાર આવી જાય છે જેમ કે તાજો જ દાખલો હેપ્પી ન્યુ યરની સાથે જ રીલીઝ થનારી રંગરસિયાની રીલીઝ કથિત રીતે પાછળ ઠેલાવવાની કોનટ્રોવર્સી નો છે જ ને.

એ રમુજી છે...એનામાં જબરદસ્ત સેન્સ ઓફ હ્યુમર છે...એ પરફેક્ટ ફેમીલીમેન છે...એ કેરીંગ પતિ છે. દુનિયાનો સેકન્ડ રીચેસ્ટ એક્ટર છે...પણ છતાયે એ પણ એક હકીકત છે કે એ પણ નિષ્ફળતાથી ડરે છે. ૨૦૧૨માં એના આવા જ એક જન્મદિવસે એણે કબુલેલું કે હું સફળ છું...ટોચ પર છું...પણ હું એકલો છું..મારી અંદર ભારોભાર એકલતા છે અને એ એકલતાને હું મારા અભિનયથી દુર કરવા મથુ છું. વાનખેડેના ચોકીદારને મારવા જેવી બાલીશ અને મુર્ખ કહી શકાય એવી હરકત કરનાર એસઆરકેના મુખેથી ઘણીવાર ગંભીર સત્યો બહાર આવી જાય છે. એ વધુમાં કહે છે કે મારી અંદર કૈક ખોટું થઈ રહ્યું છે....મને અનુભવાય પણ છે પણ એ શું છે ધેટ આઈ ડોન્ટ નો. બચપણમાં પિતા એને સિનેમાઘરની બહારની પાળીએ બેસાડીને મોંઘીદાટ ગાડીઓ જોવાનું કહેતા કેમકે ફિલ્મ જોવા જેટલા પૈસા હોતા નહી..બાપની એ નિષ્ફળતાએ એના દિમાગમાં ઘર કરી લીધું છે.. નિષ્ફળ ગયેલા બાપની ગરીબી દિલના કોઈક ખૂણે હજુયે વસેલી છે એટલે તો શાહરૂખ પૈસા માટે કઈ પણ કરી જાણે છે...જાહેરાતો થી લઈ ને ફિલ્મો... ટીમો.. એ પ્રાઈવેટ લગ્નોમાં પૈસા માટે નાચે છે.. એ કહે છે મારે ગરીબ નથી મરવું... ને કદાચ એટલે જ.દુનિયા ભલે એને કિંગખાન ગણતી હોય પણ એને સતત નિષ્ફળતાનો ડર સતાવ્યા કરે છે... કદાચ એટલે જ રા.વન. જેવી આર્થીક રીતે તો નહિ પણ બ્રાંડ વેલ્યુને નુકશાન પહોચાડનાર ફિલ્મ બનાવ્યા પછી એ ફેરવી તોળે છે કે મને ગમ્યું એટલે મેં આ ફિલ્મ બનાવવાનું સાહસ કર્યું, હું નુકશાન ખમી શકીશ ત્યાં સુધી આવા સાહસો કર્યા કરીશ પણ પછી તરત જ સફળતાની ગેરંટી ગણાતા રોહિત શેટ્ટી સાથે એ જ મસાલા ફિલ્મ ચેન્નાઈ એક્ષપ્રેસ કરી નાખે છે કેમકે એ ભલે ગમે તે બોલે પણ રા.વન. થી ગુમાવેલી ખાન બ્રાંડવેલ્યુ તો પાછી લાવવી જ પડે...એ ચેઈનસ્મોકર છે તો કબુલે છે... આઈપિએલની ટીમ ચેમ્પિયન બનાવ્યે જ છૂટકો કરે છે....એક સમયે ખિસ્સામાં ૧૫૦૦ રૂપિયા લઈને મુંબઈના દરિયા કિનારે ઉભા રહીને એણે વિચારેલું કે હું આ શહેર ને ખરીદી લઈશ તો સખ્ત મહેનતથી એણે ૩૨૦૦ કરોડની મિલ્કતની સાથે સાથે મુંબઈ તો શું પણ દુનિયા આખીના સિનેરસિકોના દિલ ખરીદી લીધા છે... સફળતાએ એને ઘણા દુશ્મનોની પણ ભેટ આપી છે..સલમાન તો હજુયે ટસથી મસ થવા તૈયાર નથી...આમીરખાન એના કુતરાનું નામ શાહરૂખ બતાવે તો એસઆરકે પાસે હસી કાઢવા સિવાય કોઈ વિકલ્પ નથી રહેતો... પુત્ર અબ્રાહમ વખતે થયેલા પ્રહારોનો મુકાબલો પણ કિંગ ખાન જ કરી શકે.. પણ સફળતાની આ જ કીમત છે .... એ અભિમાની છે...રમુજી છે...મહેનતુ છે... ચબરાક છે... ડંખીલો છે... ઉગ્ર છે....એટલે એ સફળ છે કે પછી સફળ છે એટલે જ આવો છે? આ સવાલનો જવાબ આપવો એટલાન્ટીસ - ધ પામ માં થી હીરા ચોરવા કરતા પણ અઘરો છે!!!